ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન: ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬, ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ: યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

FAX : (079)26302654
Tele. Phone : 26301341 26300342-43, 26300126 & 26300664
Grams : UNIGUJARAT
Office of The Gujarat University,
Post Box. No. 4010
Navrangpura,
Ahmedabad-380009 (INDIA).

પ્રતિ,

૧. વિભાગીય વડા, તમામ ભવનો, ગુજરાત યુનિ.

૨. આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજો, ગુજરાત યુનિ.

૩. નોડલ ઓફિસર, NSS, ગુજરાત યુનિ.

વિષય: અંગદાન મહાદાન જાગૃતિ અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા
કાર્યક્રમનું આયોજન કરવા સબબ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ એ અંગદાન વિષય ને લઇ ને સામાજિક જાગૃતિ નું અભિયાન ચલાવે છે. આ સંસ્થા નો મુખ્ય ઉદેશ્ય જન માનસ માં અંગદાન વિષે માહિતી અને બ્રેઈન-ડેડ દર્દીઓના અંગો નું દાન થાય અને જરૂરીયાતમંદ દર્દીઓ ને આ અંગો નિશ્ચિત સમયાવધિ માં પ્રાપ્ય થાય તેના માટે સતત કાર્યરત છે.

ઉપરોક્ત સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે <u>તા.૧૭/૦૯/૨૦૨૨</u> ના રોજ <u>સંલગ્ન કોલેજો</u> માં <u>NSS મારફતે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા એક પ્રતિજ્ઞા</u> લેવાનો કાર્યક્રમ યોજાય તેવી અપેક્ષા છે.

<u>ગુજરાત યુનિવર્સિટી ના ભવનો</u> માટે આ કાર્યક્રમ <u>તા.૧૭/૦૯/૨૦૨૨</u> ના રોજ ઝુલોજી ન્યુ બિલ્ડીંગ સેમીનાર હોલ ખાતે સાંજે ૦૪.૦૦ કલાકે આયોજિત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ ના ફોટોગ્રાફ્સ અને કાર્યક્રમ માં ઉપસ્થિત વિધાર્થીઓ ની સંખ્યા અને રિપોર્ટ NSS, ગુજરાત યુનિવર્સિટી ને મોકલવા તેવી પણ અપેક્ષા છે.

કુલસચિવ

# અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ

Email- contact@angdaan.org કર્ણાવતી, ગુજરાત Mobile – 8200487222 / 9909290393


## અંગદાન માટેની પ્રતિજ્ઞા

**આથી હું પ્રતિજ્ઞા લઉ છું કે, જો હું આકસ્મિક રીતે બ્રેઈનડેડ જાહેર થાવ તો અન્યને જીવતદાન આપવા માટે મારા અંગોનું દાન કરવા મારી સંમતિ આપુ છું.**

**આ ભગિરથ કાર્યમાં મારા સંકલ્પને પૂર્ણ કરવા માટે મારા પરીવારજનોનો પણ સહકાર મળશે.**

**આ સિવાય મારા પરીવારમાં / મારા મિત્રવર્તુળમાં / માર સમાજમા કે, મારી આસપાસ કોઈ પણ વ્યકિત આકસ્મિક બ્રેઈનડેડ જાહેર થશે,**

**તો તેમના અંગોનુ દાન કરવા માટે તેમના પરીવારજનોને હું સમજાવીશ અને પ્રેરીત કરીશ.**


**અંગદાન એ જીવનદાન......**

**નોંધ:–** આ કાર્યક્રમના ફોટા તથા માહિતી આપ સ્થાનીક સમાચાર પત્ર/ન્યુઝ ચેનલ તથા સોસિયલ મિડીયાના માધ્યમથી પ્રચાર પ્રસાર થાય તે માટેના પ્રયત્ન કરશો.

# અંગદાન

# જીવનદાન

## બનશે એક જન અભિયાન



અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ

રજિસ્ટ્રેશન નંબર:ઇ/૨૩૨૯૯/અમદાવાદ

### ભારતમાં અંગદાન

ભારતમાં અંગોનું દાન માનવ અંગો અને પેશીઓના પ્રત્યારોપણ અધિનિયમ, 1994 દ્વારા નિયંત્રિત થાય છે. કાયદો મૃત અને જીવિત દાતા બંનેને તેમના અંગોનું દાન કરવાની મંજૂરી આપે છે. તે મગજના મૃત્યુ (Braindead) ને મૃત્યુના સ્વરૂપ તરીકે પણ ઓળખે છે. નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO) દેશમાં અંગોની પ્રાપ્તિ, ફાળવણી અને વિતરણ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરે છે.

2019માં (યુનાઈટેડ સ્ટેટ્સ પછી) ભારતે વિશ્વમાં બીજા નંબરે સૌથી વધુ ટ્રાન્સપ્લાન્ટ કર્યા હોવા છતાં, તે રાષ્ટ્રીય રીતે સ્પેન (35.1 pmp), યુનાઈટેડ સ્ટેટ્સ (21.9 pmp) અને યુનાઈટેડ કિંગડમ (15.5 pmp) જેવા પશ્ચિમી દેશો કરતાં ઘણું પાછળ છે. તેની વિશાળ વસ્તીને કારણે પ્રતિ મિલિયન વસ્તી (2019 મુજબ) દીઠ માત્ર 0.65 ના દર સાથે અંગદાન થઈ રહ્યું છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ભારતમાં માત્ર 0.01 ટકા લોકો જ મૃત્યુ પછી તેમના અંગોનું દાન કરે છે. આવા ખરાબ પ્રદર્શન પાછળના કેટલાક કારણોમાં જનજાગૃતિનો અભાવ તથા કેટલીક ગેરમાન્યતાઓ જવાબદાર છે.

### નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO) મુજબ

- ભારતમાં દર વર્ષે લગભગ 5 લાખ લોકોને અંગ દાનની જરૂર પડે છે. ટ્રાન્સપ્લાન્ટ માટે દાતાઓની ઉપલબ્ધતાના અભાવે ઘણા દર્દીઓ મૃત્યુ પામે છે.
- દેશમાં અંગ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દરરોજ 17 લોકો મૃત્યુ પામે છે.
- રેનલ ટ્રાન્સપ્લાન્ટની સંખ્યા માત્ર 6000ની આસપાસ છે જ્યારે વાર્ષિક આશરે 1.8 લાખ લોકો રેનલ અથવા કિડની ફેલ્યોરથી પીડાય છે.
- ભારતમાં દર વર્ષે લિવર ફેલ્યોર અથવા લિવર કેન્સરથી મૃત્યુ પામેલા અંદાજિત 2 લાખ દર્દીઓમાંથી લગભગ 10% થી 15%ને સમયસર લિવર ટ્રાન્સપ્લાન્ટ હસ્તક્ષેપથી બચાવી શકાય છે. ભારતમાં વાર્ષિક 25 થી 30 હજાર લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવાની જરૂરિયાત સામે વાર્ષિક ધોરણે માત્ર એક હજાર પાંચસો લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.
- ભારતમાં દર વર્ષે માંડ માંડ 10 થી 15 હૃદય પ્રત્યારોપણ કરવામાં આવે છે, તેમ છતાં લગભગ 50,000 વ્યક્તિઓ વાર્ષિક ધોરણે હૃદયની નિષ્ફળતાથી પીડાય છે.
- કોર્નિયાના કિસ્સામાં 1 લાખની જરૂરિયાત સામે વાર્ષિક માત્ર 25,000 ટ્રાન્સપ્લાન્ટ થાય છે.

## અંગદાન અંગે સામાન્ય રીતે ઉદ્દભવતા પ્રશ્નો

### અંગદાન શું છે ?

રક્તદાન અને દેહદાનથી આપણે સૌ પરિચિત છીએ, ૨૧મી સદીમાં મેડિકલ સાયન્સની પ્રગતિને કારણે એક વ્યક્તિના અંગનું બીજી વ્યક્તિમાં પ્રત્યારોપણ કરી શકાય છે. જેને ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ કહે છે. આવું ત્યારે શકય છે જ્યારે એક વ્યક્તિ પોતાનું અંગ બીજાને દાનમાં આપે તેને "અંગદાન" કહેવામાં આવે છે.

### અંગદાન શા માટે?

જેમ લોહી બનાવી શકાતું નથી, તેમ અંગો પણ બનાવી શકાતાં નથી. કોઈ પણ ખામીના કારણે અંગ જ્યારે પોતાનું કાર્ય કરવાનું બંધ કરે ત્યારે ઓર્ગન ફેઈલ થવાના કારણે લોકોને ખુબ જ પીડા અને હાડમારી સહન કરવી પડે છે અને છેવટે મૃત્યુને ભેટવું પડે છે. જયારે નાના બાળકને અંગની જરૂર હોઈ કે પુખ્ત વયની વ્યક્તિ કે જેના પર આખા પરિવારનું ગુજરાન તેના પર નિર્ભર હોય તે પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની જતી હોય છે. જો અંગદાન કરવામાં આવે તો તેમને નવી જિંદગી મળે છે. જેની ખુશી શબ્દમાં વર્ણવી શકાય નહિ.

## કોણ અંગદાન કરી શકે છે?

બાળકથી લઈને વૃધ્ધ વ્યક્તિ કે જેઓના મગજ મૃત (બ્રેઈન ડેડ) સૌ કોઈ તેનાં અંગોનું દાન કરી શકે છે. ભૂતકાળમાં કોઇ બીમારીના ભોગ બનેલ વ્યક્તિ પણ યોગ્ય સંજોગોમાં અંગદાન કરી શકે છે.

## શરીરના કયાં કયાં અંગોનું દાન કરી શકાય છે?

હૃદય યકૃત, ફેફસા, કિડની આંતરડાં કે સ્વાદુપિંડ જેવાં અંગોનું દાન વ્યક્તિ મગજના મૃત્યુ (બ્રેન ડેડ) બાદ કરી શકે છે. વ્યક્તિનું મગજ નિષ્ક્રિય થઈ ગયું હોય અને તેને મૃત જાહેર કરવામાં આવ્યુ હોયતો આ સ્થિતિમાં તેના અંગોને કૃત્રિમ સહાયક યંત્ર (વેન્ટિલેટર) દ્વારા સાચવવામાં આવે છે, તેમજ આંખ (કોર્નિયા), હૃદયના વાલ્વ, હાડકાં, ત્વચા, લિગામેન્ટ અને વેઇન્સનું દાન પણ કરી શકાય છે.

## શું લોકો અંગોની લે - વેચ કરે છે?

ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન્સ એક્ટ ૧૯૯૪ મુજબ અંગોના વ્યાપારીકરણ પર પ્રતિબંધિત છે. તેમ કરવું એ સજાપાત્ર ગુનો છે.

## બ્રેઈન ડેથ શું છે?

જે વ્યક્તિનું મગજ સંપૂર્ણ રીતે હાનિગ્રસ્ત અને નિષ્ક્રિય થઇ જાય, જેના કારણે મનુષ્ય તેનું જીવન ગુમાવે, તે વ્યક્તિ બ્રેઈન ડેડ સ્થિતિમાં છે તેમ કહેવાય. આ સ્થિતિમાં વ્યક્તિનાં અંગોને કૃત્રિમ સપોર્ટ સિસ્ટમથી કાર્યરત કરી શકાય છે. એટલે તે સજોગોમાં અંગુનું દાન કરી શકાય છે. મગજ મૃત વ્યક્તિ તેમની કોષિકાઓ પણ દાન કરી શકે છે.

## કાર્ડિયાક ડેથ શું છે ?

માથામાં ગંભીર ઈજાને લીધે હૃદય બંધ થવાધી અથવા શ્વાસોચ્છવાસની ક્રિયા બંધ પડવાથી થતાં મૃત્યુને હૃદય સંબંધિત મૃત્યુ અથવા કાર્ડિયાક ડેથ કહેવાય છે. શરીરના બધાં જ અવયવો અને કોષિકાઓ ઓક્સિજનની તથા ભ્રમણની ખામી અનુભવે છે અને મૃત્યુમાં પરિણમે છે. હૃદય બંધ પડવાના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિ કોષિકાઓનું દાનકરી શકે છે.

## કોમા અને બ્રેઈન ડેડ વચ્ચે શું તફાવત છે ?

કોમા એટલે મગજને કોઇ પણ કારણસર થયેલ ઈજાને કારણે ઉદ્દભવેલી સંપૂર્ણ અચેતન અવસ્થા, જેમાં મગજ કાર્યરત હોવાનું, જે તે વ્યક્તિ પર થતા પ્રયોગો પરથી સમજી શકાય છે. આ અવસ્થામાં મગજ સાજું થઈ શકે છે. જ્યારે બ્રેઈન ડેડ એ અફર અવસ્થા છે. જે મગજને થયેલ જીવલેણ ઈજા કે અનહદ રક્તપાતના પરિણામે ઉદ્દભવે છે અને મગજ નિષ્ક્રિય થઇ જાય છે. ભયંકર અકસ્માત અથવા સ્ટ્રોકના કારણે મગજમાં થતા રક્તપાતને કારણે આવું બને છે.

## અંગદાન કેટલા સમયમાં કરવું હિતાવહ છે ?

વ્યક્તિ બ્રેઈન ડેડ છે એવું પ્રસ્થાપિત થઈ જાય અને કૃત્રિમ યાંત્રિક સહાયથી થતાં ભ્રમણ દરમિયાન, બને એટલું જલદી અંગોને અલગ કરવાં જોઇએ. આંખોનું દાન મૃત્યુના ૬ કલાક દરમિયાન થવું જોઈએ. કોષિકાઓનું દાન મૃત્યુના ૧૨ થી ૨૪ કલાક દરમિયાન કરી શકાય છે.

## શું જીવિત વ્યક્તિ એનાં અંગોનું દાન કરી શકે છે ?

હા, લોહીની સગાઈ ધરાવતી જીવિત વ્યક્તિ પોતાની એક કિડની, યકૃતનો એક ભાગ અને સ્વાદુપિંડના એક ભાગનું દાન કરી શકે છે. 'ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન્સ એક્ટ' ૧૯૯૪ હેઠળ આ પ્રમાણે કરી શકાય છે.

## શું અંગોનું દાન કરવાથી મારું શરીર કદરૂપું બની જશે, મારી અંતિમ ક્રિયામાં બાધા ઉત્પન્ન થશે ?

ના ખૂબ જ કાળજીપૂર્વક નિષ્ણાતો દ્વારા અંગોને સ્થાનાન્તરિત કરવામાં આવે છે. એનાથી કોઈનું શરીર કદરૂપું બનતું નથી. ઉપરાંત દાન કરવાથી અંતિમ ક્રિયામાં કોઇ વિલંબ થતો નથી.

## શું અંગદાન કરવા ઉપર કોઈ ધાર્મિક પ્રતિબંધ ખરો ?

મોટા ભાગે બધા જ ધર્મો અંગદાનને પ્રોત્સાહન આપે છે. છતાં પણ કોઈ શંકા હોય તો આપના ધર્મગુરુ સાથે આપ ચર્ચા કરી શકો છો.

### શું મારા પરિવારને મારા અંગદાન અર્થે કોઈ રકમ ચૂકવવી પડશે ? અંગદાનનો કોઈ ખર્ચ હોય છે?

ના, અંગદાન માટે પોતાના પરિવારને કોઇ પણ કિંમત ચૂકવવી પડતી નથી. અંગ અને કોષોનું દાન એ એક ભેટ ગણાય છે.

### હું અંગદાન કેવી રીતે કરી શકું ?

અંગદાનનો નિર્ણય લીધા બાદ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટનો સંપર્ક કરો અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટનું ડોનરકાર્ડ મેળવી લો. આપનું ડોનર કાર્ડ હમેશાં આપની સાથે રાખવું અને સૌથી અગત્યની વાત એ છે કે આપના પરિવારજનો સાથે આપના આ નિર્ણય અંગે ચર્ચા કરવી.

### શું ભવિષ્યમાં હું અંગદાનનો નિર્ણય પાછો ખેંચી શકું ?

હા, તમે તમારો નિર્ણય ફેરવી શકો છો. તમને આપવામાં આવેલુ ડોનરકાર્ડ પાછું આપી દો અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટની યાદીમાંથી તમારું નામ રદ કરાવો અને ડોનરકાર્ડ પરત કરો, ઉપરાંત તમારા પરિવારને આ અંગે માહિતગાર કરો.




| શ્રી દિલીપભાઇ દેશમુખ | સૌરાષ્ટ્ર ઝોન | દક્ષિણ ઝોન | ઉત્તર ઝોન | મધ્ય ઝોન |
|---|---|---|---|---|
| **9825211505** | શ્રી હર્ષિતભાઇ કવર | શ્રી દીક્ષિત ત્રિવેદી | શ્રી અક્ષય પ્રજાપતિ | શ્રી પ્રણવ મોદી |
| | **80000 29005** | **98790 60498** | **91734 32626** | **99989 87358** |

**Angdaan Charitable Trust**

**I www.angdaan.org I facebook /angdaan.org I twitter/angdaan_org I 99092 90393 I 82004 87222**
**I www.notto.gov.in I Toll Free: 1800114770 I**

-: પત્રિકા સૌજન્ય :-